૪૨

# પ્રભાવકતાનો પુંજ

- પૂ. મુનિ શ્રી જયભદ્રવિજયજી મ.

પ.પૂ. વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ખરેખર હૃદયમાં વસેલા આચાર્ય ભગવંત હતા. તેઓશ્રીની સૌમ્ય પ્રકૃતિ અને પ્રભાવકતા સૌને પ્રભાવમાં લાવનારી હતી, કેશવાળીયુક્ત ચહેરો પ્રભાવકતામાં વધારો કરતો હતો. સૌમ્ય આંખોમાં સૌને પોતાપણું અનુભવાતું હતું.

પ.પૂ. યુગદિવાકર આચાર્ય ભગવંત શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના સાંનિધ્યમાં રહીને અનેક શાસનપ્રભાવક કાર્યો માટેની માસ્ટર કી તેમણે પ્રાપ્ત કરી લીધી હતી. શિષ્યસંપદાનો પ્રારંભ થયો ન હતો ત્યાં સુધી (વિ. સં. ૨૦૩૫ સુધી) એકલવીર રહીને સમુદાયના શાસનનાં કાર્યોમાં અનેકવિધ જવાબદારી વહન કરી હતી. વિ.સં. ૨૦૩૩નાં પાયધુનીથી (મુંબઇથી) પાલીતાણાનો અને વિ.સં. ૨૦૩૪માં પાલીતાણાથી ગિરનારનો સંઘ એ તેનો નમૂનો છે.

વિ.સં. ૨૦૩૩નાં ફાગણ સુદ એકમે જ્યારે દર્ભાવતીના દીક્ષિતો પ.પૂ. મુનિપ્રવર શ્રી યશોવિજયજી મ.સા.,(પછી મારા ગુરુદેવ પ.પૂ.આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.) પ.પૂ. મુનિ શ્રી વાચસ્પતિવિજયજી મ.સા., પ.પૂ. મુનિશ્રી મહાનંદવિજયજી મ.સા., પ.પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ.સા. તથા પ.પૂ. મુનિશ્રી મહાબલવિજયજી મ.સા. ડભોઇમાં પધાર્યા ત્યારથી પ.પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની દેહાકૃતિ હૃદયમાં અંકિત થયેલી છે.

પુણ્યાઇ-પ્રવૃત્તિ અને પ્રભાવકતા એમની વધતી જ રહી હતી. દૂધમાંથી દહીં, દહીંમાંથી માખણ, માખણમાંથી ઘી : સ્વરૂપ બદલાયા પણ શ્વેતતા તો એની એ જ રહી. પુણ્યાઇ વધતી ગઇ એમ પ.પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. મુનિમાંથી ગણિ, ગણિમાંથી પંન્યાસ, ઉપાધ્યાય, આચાર્ય થયાં. પ્રવૃત્તિઓ વધતી ગઇ, શાસનપ્રભાવકતા વધતી ગઇ. છતાં તેમની પ્રકૃતિ એની એ જ મસ્ત રહી.

આવા એ સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નાં લાગણીશીલ સ્વભાવનો અનુભવ વિ.સં. ૨૦૫૦ની સાલના શ્રાવણ સુદ-૧ના રોજ થયો. મારા પરમ તારક ગુરુદેવ સાહિત્યકલારત્ન આચાર્ય ભગવંત શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા. ની માંદગી બ્રીચકેન્ડી હોસ્પિટલમાં જ્યારે ગંભીર હતી ત્યારે ગોવાલીયાટેન્કથી પ.પૂ. શતાવધાની આચાર્ય શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા., ચેમ્બુરથી પ.પૂ.આ. શ્રી મહાનંદસૂરીશ્વરજી મ.સા. અને ભાયંદરથી પ.પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. માંદગીના સમાચાર મળતા જ દોડતા આવ્યા. એ દિવસે જ્યારે પ.પૂ.આચાર્યભગવંત શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ૫૫ કિ.મી.નો વિહાર કરી આવી પહોંચ્યાં, ત્યારે ખરી લાગણીની અનુભૂતિ થઇ અને મસ્તક અહોભાવથી ઝૂકી ગયું. આટલો બધો આદરભાવ ! બસ આ વાતે મારા મનમાં પ.પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. માટે અહોભાવની લહેરો જગાવી. પ.પૂ. યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. સાહિત્યકલારત્ન આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. શતાવધાની આ. શ્રી વિજય જયાનંદસૂરીશ્વરજી મ.સા.નાં કાળધર્મની આસપાસનાં સમયમાં પણ પૂજ્યશ્રીએ જે શાસન પ્રભાવક કાર્યો કર્યા તેથી તેમણે અમારા સમુદાયનું અને શાસનનું ગૌરવ વધાર્યું છે.

અનેક અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ, ઉપાશ્રયો, આરાધનાસ્થાનો, ઉપધાનતપો ઉજમણાઓ, છ'રીપાલક સંઘો વગેરે દ્વારા તેઓશ્રી સમાજમાં છવાઇ ગયા હતા. સાથે સાથે પૂજ્યશ્રીનાં પડછાયાની જેમ રહેતા, અમારા ડભોઇ ગામનાં દર્ભાવતીનાં રત્ન એવા આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી મ.સા.ના સહકારે અને કલમે એ કાર્યોને ચાર ચાંદ લગાવ્યા છે. છેલ્લે નાગેશ્વરપાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા એનું જ્વલંત ઉદાહરણ છે. સાથે પરિવારની સારણા, વારણા, ચોયણા, પ્રતિચોયણા દ્વારા શિષ્યપરિવારને જે રીતે તૈયાર કર્યો છે તે જોઇ અમારું મસ્તક ગૌરવથી ઉન્નત બને છે. શિષ્યપરિવારને જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધનામાં મસ્ત બનાવી દીધો છે.

છેલ્લે પૂજ્યશ્રી ડભોઇથી સંઘ લઇને પાલિતાણા આવ્યા. માળારોપણ બાદ સાહિત્ય મંદિરમાં રોકાયા અને જે આત્મીયભર્યું મિલન થયું-વાર્તાલાપ થયો, બે કલાક તેઓશ્રીની મધુરી વાણી સાંભળવા મળી, તે બધું જોતા લાગે કે પૂજ્યશ્રી મને મળવા માટે છેલ્લે પાલિતાણા આવી ગયા. અસ્તુ. આવા એક મહાન શાસન પ્રભાવક આચાર્ય ભગવંત માટે જેટલું લખીએ તેટલું ઓછું છે.

તેઓશ્રીનો યશ-નામના ચિરંજીવી બની રહે એ જ મંગલ શુભકામના.

✦✦✦

૪૩

## સરળતાના પર્યાય

- પૂ. મુનિ શ્રી મિત્રસેનવિજયજી મ.

મને વિ.સં. ૨૦૨૯ ના કારતક વદ-૬ ના દિને પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની પરમ કૃપા પ્રાપ્ત થઇ. કારણ કે તે દિવસે એમની નિશ્રામાં અમારું જિનમંદિર થયું. ત્યાર બાદ એમના કાળધર્મના અમુક સમય પહેલા તેમની નિશ્રામાં ઉપાશ્રયનું પણ ઉદ્‌ઘાટન થયું. એ સમયથી અમે પૂ.મુનિવર્ય શ્રી સૂર્યોદયવિજયજી મ.સા.ના પરિચયમાં હતા. તેઓશ્રી શાસનપ્રભાવક છતાં ય સરળતાના પર્યાય સમા હતા. મુંબઇથી શત્રુંજયનો જ્યારે ૬'રી'પાલિત સંઘ નીકળ્યો ત્યારે તેઓએ અથ થી ઇતિ સુધી સંપૂર્ણ સંચાલન કર્યું હતું. પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.ને કેન્સર હતું ત્યારે તેમને મને એક માસ સુધી લાભ આપ્યો હતો.

પાંચ વર્ષો પહેલા તેઓશ્રીનું ચાતુર્માસ ભાયખલા હતું. હું તેમને મળવા-વંદન કરવા ગયો હતો. અમુક જિનાલયમાં પ્રતિષ્ઠિત થયેલ શ્રી ગૌતમસ્વામીજીની પ્રતિમાને ઉત્થાપિત કરીને અન્ય સ્થાને મૂકવાના હતા. મેં ગુરુદેવને આશીર્વાદ આપવા કહ્યું. તેઓશ્રીએ પોતાનો સૂરિમંત્રનો વાસક્ષેપ આપ્યો અને કહ્યું કે, ''આ વાસક્ષેપ નાખજો. બધું સારું થશે.'' ખરેખર, એમનો વાસક્ષેપ નાખ્યો અને આજ દિવસ સુધી શાંતિ-સમાધિનો અનુભવ કરી રહ્યો છું. જ્યારે જ્યારે હું તેમની પાસે ગયો, ત્યારે ત્યારે તેઓએ મને પ્રેમથી આવકાર્યો હતો અને લાગણીથી વાતો કરીને મારી મૂંઝવણના ઉત્તરો પણ આપ્યા હતા. મારા નસીબ કાચા કે મુંબઇમાં ગુરુદેવનું વિશેષ વિચરણ હોવા છતાં હું પાલિતાણા આવી ગયો. અસ્તુ. તેમનામાં રહેલા ગુણોને અપનાવી મારા મનુષ્યજીવનને સાર્થક બનાવી શકું એ જ ભાવના...

✦✦✦

૪૪

## મારા વિદ્યાદાતા

- પૂ. શ્રી મૃગેન્દ્રમુનિ (ખંભાત સંપ્રદાય)

જ્ઞાની, ધ્યાની, ત્યાગી, વાત્સલ્યમૂર્તિ, દિવ્ય - ભવ્ય - મહાન આત્મા, જ્ઞાનદાતા ઉપકારી આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નાં સ્મરણોથી હૃદયમાં આનંદરસ ઊભરાય છે.

(૧) યાદ આવે છે એ પ્રથમ દર્શન. ઈ.સ. ૧૯૭૫ નાં ચાતુર્માસ સમયે અમારા પ.પૂ. આચાર્ય ગુરુભગવંતનાં સાંનિધ્યે એક સંતના માસખમણનું પારણું હતું અને સૂરિશ્રેષ્ઠ પૂજ્યપાદ આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. ની સાથે જ્યારે કાંદાવાડી-સ્થાનકમાં તેઓશ્રીનું પદાર્પણ થયું ત્યારનું.

(૨) પ્રભુ વીરનિર્વાણની ૨૫મી શતાબ્દી અવસરે જ્યારે તેમણે સંસ્કૃત શ્લોક 'कषायमुक्तिः किलमुक्तिरेव' થી પ્રવચનની શરુઆત કરી ત્યારે તેમની અમૃતવાણીનું સર્વપ્રથમ વાર શ્રવણ કર્યું. આજે પણ એ શબ્દો સતત સ્મરણમાં આવ્યા કરે છે અને પ્રસન્નતાનો અનુભવ થાય છે.

(૩) ઈ. સ. ૧૯૯૪માં તેઓશ્રી તથા પૂ. મુનિરાજ શ્રી રાજરત્નવિજયજી (વર્તમાનમાં સૂરિજી)નું વડોદરા- મામાનીપોળમાં ચાતુર્માસ હતું. તે સમયે મેં તેઓશ્રીને પૂછ્યુંઃ ''મને આપ સુબોધ વ્યાકરણ શીખવશો?'' અમીદૃષ્ટિ માંડીને તેમણે મને તરત જ હા કહી. માત્ર અન્ય સમુદાય જ નહીં, અન્ય સંપ્રદાયનો પણ ભેદભાવ ન રાખ્યો. નાના સંત પ્રત્યેના એમના વાત્સલ્યને જોઈને આશ્ચર્ય થયું. જ્યારે જ્યારે હું આવું, ત્યારે બધું કામ પડતું મૂકીને મને પાઠ આપવા રૂપે વાત્સલ્ય સાથેનું જ્ઞાનદાન તેઓશ્રી કરતા હતા.

(૪) વધુ તો શું કહું? તેઓશ્રીના શિષ્યરત્ન શ્રી રાજરત્નવિજયજી મ.સા. ઉપર દૃષ્ટિ કરતી વખતે તેઓશ્રીની આંખમાં જે અમી દેખાતી હતી તેવી જ અમીભરી દૃષ્ટિ અભ્યાસ કરાવતા સમયે મારી પર પડતી મેં અનુભવી છે.

સુબોધવ્યાકરણના શ્લોકોનું ગાન કરતાં કરતાં તેઓશ્રીની અંદર ઘૂઘવી રહેલો જ્ઞાન સુધાસિન્ધુ યાદ આવે છે અને રોમાંચિત થઈ જવાય છે. આત્મા અને જ્ઞાન જો જુદા નહીં હોય તો તેઓશ્રીના જ્ઞાનનું કે તેઓશ્રીના આત્માનું દર્શન એક સમાન જ માનું છું. કદાચ અભિધાન રાજેન્દ્ર કોશ લઈને બેસું તો પણ તેઓશ્રીનાં ગુણગાન માટે શબ્દો ઓછા પડે... કોઈપણ વ્યક્તિ જો જ્ઞાનીનો ઉપકાર ગોપવે તો જ્ઞાનાવરણીય કર્મબંધ થાય એમ બતાવાયું છે. તેથી હું તેઓશ્રીનો ઉપકારભાવ બહુમાનભાવ વ્યક્ત કર્યા વગર કેવી રીતે રહી શકું?

પ્રાન્તે તેઓશ્રીનો દિવ્યાત્મા જ્યાં હોય ત્યાં દેવલોકથી નીકળી શીઘ્રાતિશીઘ્ર આરાધના- સાધના કરી - પરમપદને પ્રાપ્ત કરે તેવી અંતર ભાવના સાથે તેઓશ્રીને મારી સાદર વંદના.

✦✦✦

## ૪૫ ધન્યાતિધન્ય ક્ષણો

**- પૂ. મુનિ શ્રી સર્વોદયસાગરજી મ.સા.**

વાત છે વિ.સં. ૨૦૩૮ની... આજથી લગભગ ૩૫ વર્ષ જૂની... પ્રસંગ હતો ચેમ્બુર અચલગચ્છ ઉપાશ્રયનાં ઉદ્ઘાટનનો... ત્યારે પ્રથમ દર્શન થયા પૂજ્યશ્રીનાં... સંયુક્ત પ્રવચન થયું...

એ દિવસે પૂજ્યશ્રીએ આપેલું પ્રવચન 'ઉપાશ્રય એટલે પુણ્યની દુકાન' આજે પણ સ્મૃતિપટલ ઉપર અકબંધ છે. પછી તો સમયે સમયે મળવાનું થયું.

વિશેષ તો અંગત રીતે પવઈનાં શાંતિનાથ જિનાલયમાં મારા દ્વારા નૂતન સંકલિત 'શ્રી શાંતિનાથ મહાપૂજન' ભણાવતા ભણાવતા મારા ઉપર પૂજ્યશ્રીની અસીમ અનરાધાર કૃપા વરસી... હું એ ક્ષણોને ધન્યાતિધન્ય માનું છું...

દીર્ઘદર્શિતા, ગીતાર્થતા, વ્યવહારકુશળતા, ગંભીરતા એ પૂજ્યશ્રીનાં જીવનનાં આનંદદાયક ગુણો છે...

ગુરુવર તેરે ગુણવૈભવ કી ગાથા, મૈં ક્યાં સુના પાઉંગા?
આપ તો ચમકતે ચાંદ થે જિનશાસન કે, મૈં કૈસે ઉસે દિખાઉંગા?

બસ ગુરુવરના ગુણાનુવાદ કરતાં કરતાં આપણા સૌના જીવનમાં 'ગુણાનુરાગ'નો ગુણ પ્રગટે એ જ મંગલકામના. ✦✦✦

## ૪૬ અમારા ધર્મદાતા

**- પૂ. મુનિરાજશ્રી ધનંજયવિજયજી મ.**

ચિન્ટુએ પિન્ટુને સવાલ પૂછ્યો કે "જો દુનિયામાં સૂર્ય ન હોત તો શું થાત?" પિન્ટુએ જવાબ આપ્યો : "લાઇટબિલ વધારે આવત."

નાના બચ્ચાને માટે કદાચ સૂર્યની આવશ્યકતા અને મહત્તા લાઇટબિલ ઓછું આવે તે પૂરતી હોઇ શકે. પરંતુ સૂર્ય આ પૃથ્વીલોક પર કેટકેટલા ઉપકાર કરી રહ્યો છે એ જો ગણવા બેસીએ તો ઘણું લાંબુ લીસ્ટ બની જાય. તે પ્રકાશપ્રદાન કરે છે, સ્ફૂર્તિ આપે છે, સ્વાસ્થ્ય આપે છે, શક્તિ આપે છે, ધાન્ય ઉગાડે છે, પુષ્પોને વિકસિત કરે છે વગેરે ઘણા કાર્યો કરે છે.

બસ, તેમ જ પરમ શાસનપ્રભાવક પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા પણ સૂર્ય સમાન હતા. પૂજ્યશ્રીએ ૮૪ વર્ષીય જીવન કાળમાં અઢળક ઉપકારો સહુ પર કર્યા છે. અમે પણ એમાં બાકાત નથી. સૂર્યના સેંકડો ઉપકારોમાંના માત્ર ત્રણ ઉપકારની તુલના આપણે સૂર્ય જેવા પૂજ્યશ્રી સાથે કરીએ :

**(૧) સ્ફૂર્તિ :** પ્રમાદી મનુષ્યની આળસને દૂર કરનાર સૂર્યપ્રકાશ છે. બરાબર તેમ જ પૂજ્યશ્રીની વાણીમાં પણ પ્રભાવ હતો. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સહુ કોઇ જો થોડા નિરુત્સાહી બન્યા હોય તો સ્ફૂર્તિલા બની જતા.

ઉપધાન, વર્ષીતપ, છ'રીપાલક સંઘ, વિશિષ્ટ સામુદાયિક આરાધનાઓમાં પૂજ્યશ્રીની વાણીનો પ્રભાવ જરૂર જોવા મળતો હતો. પ્રાતઃકાળના કૂણા-કૂણા સૂર્યકિરણો સમાન વાત્સલ્યસભર મીઠી જુબાન એ પૂજ્યશ્રીની લાક્ષણિકતા હતી. કાર્યમાં અનિચ્છા દર્શાવનારને તે જ કાર્ય માટે પૂજ્યશ્રી પ્રોત્સાહિત કરવામાં માહેર હતા અને તેનાં જ પરિણામે સેંકડો કે હજારો નહિ, બલ્કે લાખોની સંખ્યામાં લોકો આરાધનામાં જોડાયા. પોતાનાં જીવતરને ધર્મમય બનાવી ધન્ય બનાવ્યું. 'શાસનપ્રભાવક' નું બિરુદ માત્ર ઢોલ-નગારા વગાડીને જ તેઓ નહોતા પામ્યા, પરંતુ બાલ જીવોથી માંડી બુઝુર્ગ લોક સુધી સહુ કોઇના અંતરમાં ધર્મનાં બીજારોપણ કરીને તેઓશ્રી એ સ્તર પામ્યા હતા.

'નવપદ ધરજો ધ્યાન' પુસ્તક બાલ જીવોથી માંડી બુદ્ધિજીવી સુધી સહુ કોઇને નવપદની આરાધનામાં ઉત્સાહ વધારનાર સાબિત થયું છે. પ્રાયઃ 'નવપદ'ના સેંકડો પુસ્તકોમાં 'બેસ્ટ સેલર' નો તાજ પણ તેના મસ્તકે ચડે એવું બેનમૂન એ પુસ્તક છે. સૂર્યના ઉદયે જેમ સહુ પોતાની પથારી છોડી પ્રવૃત્તિમાં જોડાતા થાય છે તેમ ગુરુરૂપી 'સૂર્યોદય' ની પધરામણી થતા સહુ પ્રમાદની પથારી છોડી ધર્મક્રિયામાં જોડાતા હતા.

**(૨) શક્તિ :** સૂર્યના કિરણો થકી આપણા શરીરને વિટામીન - D મળે છે, ભૂમિ ફળદ્રુપ બને છે વગેરે...

બસ તેમ સંઘનાં કાર્યોમાં પૂજ્યશ્રીની નિશ્રામાત્રથી સહુમાં જોમ-જુસ્સો આવી જતો હતો. શું થશે ? કેવી રીતે થશે? આટલા ખર્ચને કેવી રીતે પહોંચી વળાશે ? ઉપાડેલા કાર્યો પૂરા થશે કે નહીં ? આવા કૈંક સવાલોના જવાબ માત્ર પૂજ્યશ્રીની અમીદ્રષ્ટિ હતી. માતાના ખોળે જેમ બાળક નિશ્ચિંતતા અનુભવે તેમ સંઘ પણ પૂજ્યશ્રીનાં સાંનિધ્યે નિશ્ચિંતતા અનુભવતો. કારણ કે પૂજ્યશ્રી પાસે ગુરુકૃપાનું જબરદસ્ત 'પાવરહાઉસ' હતું. પૂજ્ય યુગદિવાકર આ. ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજાનાં હૈયે વસેલા પૂજ્યશ્રીએ ચપટી-ચપટીએ નહીં, પરંતુ ખોબે ખોબે આશિષ મેળવ્યા હતા. તેનાં કારણે જ્યાં જ્યાં પાવન પગલાં પડતા ત્યાં સંઘનાં દરેક કાર્યો ઝડપભેર પૂર્ણ થતા. દર્ભાવતી તીર્થ, શ્રી ધર્મધામ

નાગેશ્વરપાર્શ્વતીર્થ, મુંબઇ વગેરે શહેરોમાં નિર્માણ પામેલ અનેક ધર્મસ્થાનો જ આપણને બતાવે છે કે પૂજ્યશ્રી કેવા સમર્થ હતા અને શક્તિદાતા હતા. પાવરહાઉસમાં પાવર ન હોય તો આગળ પ્રકાશ ક્યાંથી થાય? વર્તમાનમાં પૂજ્યશ્રી ભલે સ્વદેહે ગેરહાજર છે, પરંતુ તેમનો પ્રકાશ ચારેકોર ફેલાયેલો જ છે. સૂર્યનો તો અસ્ત થતા પ્રકાશ સમેટાઇ જાય છે, જ્યારે આ પૂ.સૂર્યોદય સૂ. મ. નો દિવ્ય પ્રકાશ યાવચ્ચંદ્રદિવાકરો રેલાયા કરવાનો છે.

**(૩) સ્વાસ્થ્ય :** વાતાવરણના કીટાણુ સૂર્ય પ્રકાશથી નાશ પામે છે તેમજ અંધકારમાં રખડતા ક્ષુદ્ર જંતુઓ પણ સૂર્યોદય થતાં રવાના થઇ જાય છે.

બસ તેમ, સંઘમાં વિવાદ-વિખવાદ ઊભા કરનારાઓ પૂજ્યશ્રી થકી દૂર ભાગતા. હંમેશા સમાધાનકારી વલણ અપનાવનાર પૂજ્યશ્રી સંઘમા સંપ વધે તેવી ભાવના રાખતા.

સ્વસ્થતાનો અર્થ જ એ છે- 'પોતાનું સ્થાન'. સંઘ એટલે સમૂહ-ઐક્ય. જો તેમાં ઝઘડા-ક્લેશ હોય તો તે માત્ર નામનો સંઘ. મૂળ અર્થથી વિખૂટા પડેલા 'સંઘ' ને ફરી એ સ્થાને લાવી સ્વાસ્થ્ય પ્રદાન કરનાર પૂજ્યશ્રી હતા. સંઘોની સમસ્યાઓ, પોતે પોતાની સમજી દૂર કરતા. તેઓશ્રી માત્ર ધર્મસ્થાનો ઊભા કરી હાથ ખંખેરનારા નહોતા. એમાં જગડૂશાનગરની જિનાલયરક્ષા જ્વલંત ઉદાહરણ છે.

જિનશાસનને હેરાન કરનારની સાન ઠેકાણે લાવી તેઓશ્રી સાચા અર્થમાં સંઘરક્ષક બન્યા હતા. હજી ઘણા ગુણો વર્ણવાની ઇચ્છા થાય છે. પૂજ્યશ્રી સૂર્યના અસંખ્ય કિરણો સમા અસંખ્ય ગુણોના સ્વામી હતા. અમારા સમગ્ર પરિવારના તેઓશ્રી પરમ ઉપકારી છે.

આજે અમારો આખો પરિવાર દીક્ષિત બન્યો છે. તેમાં પૂજ્યશ્રી જ મહત્ત્વનાં કારણ છે. અમારા જીવનરૂપી મંદિરમાં સંયમરૂપી શિખર પૂજ્યશ્રીની પ્રેરણા રૂપી આધારશિલાને જ આભારી છે. અમારું પરમસૌભાગ્ય છે કે અમારા ધર્મદાતા ગુરુ ડભોઇના અને અમારા દીક્ષાદાતા ગુરુ પણ ડભોઇના છે.

વિ.સં. ૨૦૭૧ નું અમારું ચાતુર્માસ ડભોઇ નક્કી થયું ત્યારે હૈયે આનંદ હતો કે અમારા ગુરુદેવની પાવનકારી ભૂમિમાં જઇ રહ્યા છીએ. પરંતુ પૂજ્યશ્રીનો ચાતુર્માસ પૂર્વે જ કાળધર્મ થતાં ઘેરો આઘાત અનુભવ્યો. સૂનકાર લાગવા માંડ્યો. ડભોઇનાં ચાતુર્માસપ્રવેશ બાદ પૂજ્ય સિદ્ધહસ્તસર્જક આચાર્ય શ્રી રાજરત્ન સૂરિજી મ. સા. ની પ્રેરણાથી ડભોઇમાં પૂજ્યશ્રી નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ હતો તેમાં અમારે ગુણાનુવાદ કરવાના હતા. ગુણાનુવાદમાં ''અમારા ધર્મગુરુના એમની જન્મભૂમિમાં અમારે જ ગુણાનુવાદ કરવાનો વખત આવશે એવી અમને કલ્પના નહોતી.'' બોલતા- બોલતા ગળગળા બની જવાયું હતું. અમારા સપના કંઇક જૂદા હતા. અમે પૂજ્યશ્રીને ગૌરવનો અનુભવ કરાવવા માંગતા હતા કે જેનામાં ધર્મબીજારોપણ મેં કર્યું એ કેવા ફલીભૂત થયા છે. પૂજ્યશ્રી એને જાણે એવું અમે ઇચ્છતા હતા. પણ કાંઇક જૂદુ જ થયું. પૂજ્યશ્રી હજી વિશિષ્ટ સાધના-શાસનપ્રભાવના કરવા ચાલ્યા ગયા.

અંતે, પૂજ્ય ઉપકારી આચાર્યદેવશ્રીએ રોપેલા ધર્મબીજથી અમને સહુને શીઘ્ર મોક્ષફળની પ્રાપ્તિ થાય તેવી પ્રભુને પ્રાર્થના. ✦✦✦

૪૭

## પાંચ બળના સ્વામી

**- પૂ. મુનિ શ્રી કેવલપૂર્ણવિજયજી મ.**

પૂ. દર્ભાવતી તીર્થોદ્ધારક આ. દેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. !

**શબ્દમાં સમાય નહીં, એવા એ મહાન ...**
**કેમ કરી કરવા મારે, ગુરુનાં ગુણગાન...**

પૂ. ગુરુદેવનો કાળધર્મ થયો અને માત્ર સમુદાયને નહીં, પરંતુ સમસ્ત જિનશાસનને ક્યારે ય પૂર્ણ કરી ન શકાય તેવી ખોટ પડી છે. પૂજ્યશ્રીના ગુણો ભરપૂર હતા. જેમ કે :- પ્રભાવશાળી વ્યક્તિત્વ, સાત્ત્વિકતા, ઉમદા વૃત્તિ, વચનસિદ્ધિ, કાર્યકુશળતા અને કરુણતા.

આવા ગુણનિધિ પૂજ્યશ્રી પાંચ-પાંચ બળોના સ્વામી હતા.

(૧) **પિંડબળ :** તેઓશ્રી પાસે રાજા-મહારાજાને શોભે એવી વિશાળ કાયા અને મજબૂત મનોબળ હતું. છેલ્લા દિવસોમાં ૮૪ વર્ષની ઉંમરે બિયાસણા કરતા... છેલ્લા દિવસ સુધી ટેકા વિના પાટ પર બિરાજતા હતા. જયણાપૂર્વકનું એમનું જીવન હતું. હૃદયનો પ્રેમ આપી પોતાના બનાવવાની કળા એમનામાં હતી.

(૨) **પીઠબળ :** શિષ્ય પરિવારનું પીઠબળ પૂજ્યશ્રીને ખૂબ જ હતું. તેમાં પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરિ મ.સા. નો સમર્પણભાવ જોવા જેવો હતો. પૂરો પરિવાર પૂજ્યશ્રી જીવ્યા ત્યાં સુધી પડછાયો બની શાસનકાર્યોમાં સહકાર આપતો હતો.

આવા શિષ્યોનું આવું પીઠબળ પુણ્યોદય વગર ન જ મળે.

(૩) **પ્રજ્ઞાબળ :** તેઓ શાસ્ત્રનું સતત વાંચન કરતા હતા. હું માનું છું પ્રાયઃ યુગદિવાકરશ્રીના સમુદાયમાં પ્રજ્ઞાબળ પૂજ્યશ્રી જેવું કોઇની પાસે ન હતું. હજારો શ્લોકો તો ખરા જ. ઉપરાંત હજારો ગામો, દેરાસરો, મૂળનાયક વગેરે બધી જ માહિતી તેમની પાવરફૂલ મેમરીમાં ફીટ હતી... તેઓ બધું જ યાદ રાખતા... દેરાસરોની સાલગિરિ અને બધાંની દીક્ષાતિથિ એમને યાદ રહેતી. જેમ કે, મારા દાદાગુરુ પૂ.આ.શ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી મ.સા. 'આત્મબંધુ' ની બધી જ તિથિનો ઉલ્લેખ મેં પંચાંગમાં કર્યો એ પૂજ્યશ્રીની દેણ છે.

(૪) **પુણ્યબળ :** 'જ્યાં જ્યાં પૂજ્યશ્રીના પગલા, ત્યાં ત્યાં પુણ્યના ઢગલા.'

જ્યાં એમના પગલા પડતા ત્યાં રિદ્ધિ-સિદ્ધિ અને સમૃદ્ધિ હાજર થતી. તેમાં પણ શિષ્યગણ સેવાભાવી મળ્યા. મારા હિસાબે પૂ. યુગદિવાકરશ્રી પછીનું શ્રેષ્ઠ પુણ્ય જો કોઇનું હોય તો એ પૂજ્ય ગુરુદેવનું જ હતું.

(૫) **પ્રભુબળ :** પ્રભુ પ્રત્યે ભક્તિ-શ્રદ્ધા અનહદ હતી. અંતિમ વર્ષોમાં પણ પૂજ્યશ્રી શિષ્યપરિવાર સાથે સંધ્યાભક્તિમાં જોડાતા અને ભક્તિમાં એવા તલ્લીન થઇ જતા કે

ક્યારેક તો કલાકો ભક્તિમાં વીતી જતા... આવા પ્રભુભક્ત પાસે પ્રભુનું બળ હોય તેમાં નવાઇ નથી.

આજે પણ પૂજ્યશ્રીના પરિવારે સંધ્યાભક્તિનો વારસો જાળવ્યો છે. આ મારો ખુદનો અનુભવ શ્રી ધર્મધામ નાગેશ્વરપાર્શ્વતીર્થે થયો હતો. ત્યાં નૂતનાચાર્ય પૂ. રશ્મિરત્નસૂરિ મ.સા.ની નિશ્રામાં આગમયોગઆરાધનામાં મને આ અનુભવ થયેલ.

આવા પાંચ બળના સ્વામી પૂજ્યશ્રી અમારા સમુદાયનું ગૌરવ હતા. તેમને મારી ભાવભીની વંદનાવલિ... હૃદયાંજલિ... સ્મરણાંજલિ... શ્રદ્ધાંજલિ.... ✦✦✦

૪૮

## મારા વીરા... હતા શાસનના હીરા...

- પૂ. પ્રવર્તિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. (પૂજ્યશ્રીના સાંસારિક વડીલ ભગિની)

કેટલીક વાર કેટલીક ઘટનાઓ એવી બનતી હોય છે કે જે આપણાં જીવનનું એક શ્રેષ્ઠ સૌભાગ્ય બની રહે. એમાં વળી આશ્ચર્ય એ હોય છે કે એ ઘટનામાં આપણો કોઇ પુરુષાર્થ કે પ્રયાસ હોય નહિ. અનાયાસે જ એ ઘટના બની ગઇ હોય. આવું જ્યારે બને ત્યારે એ સૌભાગ્ય જાણે કે ચમત્કારથી જરા ય ઓછું સ્થાન ન પામે. મને આવું શ્રેષ્ઠ સૌભાગ્ય કુદરતે આપ્યું છે દિવંગત પ્રૌઢપ્રભાવશાળી પ્રજ્ઞા-પુણ્ય-પરિણતિની ત્રિમૂર્તિ પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના સંસારપક્ષે બેન બનવા રૂપે. આજે એમનો શ્રદ્ધાંજલિલેખ લખવાનો અવસર આવ્યો છે ત્યારે એમના અનેક ઝળહળતા ગુણો-પુણ્યપ્રભાવ-આરાધકતા વગેરે પ્રત્યે ગુણાનુરાગના મોજાં ઊમટવા સાથે અમારા સાંસારિક ભાઇ-બેનના સંબંધની લાગણીઓથી પણ હૃદય ભીંજાઇ રહ્યું છે.

સંસારી અવસ્થામાં અમે જ્યારે ડભોઇ હતા ત્યારે અમારા સમગ્ર પરિવારમાં ધર્મનું વાતાવરણ-આરાધનાઓ હતી જ. પરંતુ મને ત્યારે પણ એવો પાકો ખ્યાલ હતો કે ધર્મક્ષેત્રે સૌથી વધુ મક્કમતા, સાંસારિક માતુશ્રી મણિબેન પછી એમની હતી. અમે કોઇ ભાઇ-બેન ધર્મભાવનાની દૃષ્ટિએ એમને ન પહોંચીએ. એમનો ધાર્મિક અભ્યાસ અમારા સહુ કરતા વિશેષ હતો. ધર્મની રુચિ એવી તીવ્ર હતી કે માત્ર સાડા છ વર્ષની વયે એમણે પ્રથમવાર ચોસઠ પ્રહરી પૌષધ કર્યા અને તે દીક્ષા થઇ એ વર્ષ સુધી અખંડ રહ્યા. છ વર્ષ સુધી એમણે સાંસારિક પિતા શ્રી ચીમનભાઇ સાથે ચોસઠ પ્રહરી પૌષધ કર્યા અને પછીના ચાર વર્ષ પૂ. ધર્મવિજયજી મ.ની નિશ્રામાં ચોસઠ પ્રહરી પૌષધ કર્યા. એક પણ વર્ષ એમણે એ પૌષધ ખંડિત કર્યા ન હતા. એક વાર તો પર્યુષણાના એક દિવસ પહેલા જ તાવ આવ્યો હોવાથી અમે સહુએ ચોસઠ પ્રહરી પૌષધની ના કહી હતી. છતાં પોતાની સત્ત્વશીલતાથી એમણે ચોસઠ પ્રહરી પૌષધ કર્યા જ.

જેમ તેજસ્વિતા-તીવ્ર સ્મૃતિશક્તિ-ચાતુર્ય વગેરે એમની સાથે શૈશવથી જોડાયેલ ગુણો હતા, તેમ સત્ત્વશીલતા એટલે કે દઢતા અને હિંમત પણ એમની સાથે શૈશવથી જ જોડાયેલ ગુણ હતો. પૂ. ધર્મવિજયજી મ.નો પરિચય વિ.સં. ૨000નાં ચાતુર્માસમાં પ્રગાઢ થયો અને એમણે દીક્ષાનો નિર્ધાર કર્યો ત્યારે પરિવારમાં તમામની ના હતી. ત્યારની જે મારી સમજ હતી તે મુજબ એ વિરોધ દીક્ષાનો ન હતો, પણ કેટલાક પારિવારિક કારણોસર નાની વયની દીક્ષાનો વિરોધ હતો. પરંતુ પૂજ્યશ્રીની સત્ત્વશીલતા એવી હતી કે એમણે એ વિરોધની જરા ય પરવા ન કરી. બાર-તેર વર્ષની વયે દીક્ષા માટે સત્તર સત્તર વાર ઘરેથી ભાગી છૂટવું એ તે વયે, જેવી તેવી હિંમત ન ગણાય. મને યાદ છે કે એ દિવસોમાં મેં પણ એમને સમજાવ્યા હતા કે ‘‘પિતાજી કડક શિસ્તના આગ્રહી હોવાથી તારું ધાર્યું નથી જ થવાનું. દીક્ષા માટેની જીદ છોડી દે. ભવિષ્યમાં વાત.’’ પણ... એ નિશ્ચલ રહ્યા.

એમની આ દઢ સંયમભાવનાએ મારામાં સર્વપ્રથમ સંયમ મનોરથોનો સંચાર થયો. અંતે સાડા ત્રણ વર્ષ બાદ તેઓ દીક્ષા સ્વીકારીને જ રહ્યા. ત્યારે મને પણ વૈરાગ્ય ભાવનામાં તીવ્ર ઉછાળો આવ્યો કે ‘મારાથી ચાર વર્ષ નાનો ભાઇ જો સંયમ અંગીકાર કરી શકે છે તો હું કેમ સંયમ અંગીકાર કરી ન શકું?’ મેં નક્કી થયેલ સગાઇ પરસ્પર સમજૂતીપૂર્વક તોડીને દીક્ષાનો નિર્ણય કરવાનો વિચાર કર્યો અને દોઢ માસમાં જ પરિવારની સંમતિપૂર્વક મારી દીક્ષા નિશ્ચિત થઇ ગઇ !! મારા પર પૂજ્યશ્રીનો આ સૌથી શ્રેષ્ઠ ભાવોપકાર થયો કે એમની સત્ત્વશીલતાનાં કારણે મને સંયમપથ પર ડગ ભરવાનું સામર્થ્ય આવ્યું. મારી દીક્ષા, વિના અવરોધે થઇ એનું પણ શ્રેય પૂજ્યશ્રીને જ જતું હતું. જાણે કે સખત પુરુષાર્થ એમનો અને સરલતાથી સંયમપ્રાપ્તિ મને.

અમે એક જ સમુદાયમાં દીક્ષિત હતા અને અમારી વડીદીક્ષા પણ એક જ દિવસે ડભોઇ તીર્થે સાથે થઇ હતી. આમ છતાં પછીની ભવિતવ્યતા એવી રહી કે લગભગ ૨૮ વર્ષ બાદ સાથે-એક જ ક્ષેત્રમાં ચાતુર્માસ રહેવાનો પ્રસંગ આવ્યો. યોગોદ્વહનને બાદ કરતાં ઉપધાનતપ જેવા મોટા પ્રસંગે પણ એક ક્ષેત્રમાં રહેવાનો પ્રસંગ ૨૬ વર્ષ બાદ આવ્યો. કારણ કે પૂજ્યશ્રીના વડીલોનું કાર્યક્ષેત્ર મુખ્યપણે મુંબઇ તરફનું હતું અને અમારા વડીલો મુખ્યપણે ગુજરાત-રાજસ્થાન-મધ્યપ્રદેશ-કચ્છ તરફ વિચરતા હતા. શરુઆતનાં વર્ષોમાં ત્યારે મનમાં એવું થતું કે બે-ચાર વર્ષે ય ભાઇ મહારાજ સાથે એકાદ ચાતુર્માસ થાય તો સારું. પ્રત્યક્ષ પરિચય રહે અને અભ્યાસાદિનો લાભ મળે. એક વાર પત્ર દ્વારા આ ભાવના રજૂ કરી તો પૂજ્યશ્રીનો સરસ માર્ગદર્શન આપતો પત્ર આવ્યો. એમાં તેઓશ્રીએ આ ભાવનું લખ્યું હતું કે ‘‘ભાઇમહારાજ સાથે ચાતુર્માસનો યોગ થવો એ સંયમજીવનનું સૌભાગ્ય છે એમ ન માનવું. સંયમજીવનનું સાચું સૌભાગ્ય ગુરુકુલવાસમાં છે. પૂ. મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવર ‘ગુરુતત્ત્વ વિનિશ્ચય’ ગ્રન્થમાં ફરમાવે છે કે ‘इत्तो गुरुकुलवासो, पढमायारो णिदंसिओ समए’ ગુરુકુલવાસ-ગુરુસેવા જ શિષ્યનો પ્રથમાચાર છે.એટલે બે-ચાર વર્ષે સાથે ચાતુર્માસયોગ મળે તેવો વિચાર પણ મનમાં ન રાખવો. અમારી સાથે રહેવાથી અભ્યાસાદિનો લાભ મળે એવું પણ ન વિચારશો. શાસ્ત્રો ત્યાં સુધી કહે છે કે ‘गुरुकुलवास एव ज्ञानादिसम्पद्हेतु:’ ગુરુકુલવાસ જ જ્ઞાનાદિ સંપદાનો

હેતુ છે. ગુરુભક્તિ કરતાં કરતાં જે થોડું પણ જ્ઞાન મળશે એ તરત પરિણતિ સુધી પહોંચશે. માટે અભ્યાસાદિની ચિંતા ન કરવી. વળી જયાં તમારી સ્થિરતા હોય ત્યાં પંડિત પાસે પણ અભ્યાસ કરી શકાય છે એ લક્ષ્યમાં રાખવું.'' આ રીતે ગુરુસમર્પણના પાઠ શીખવીને પૂજ્યશ્રીએ મને સંયમજીવનની સફલતાની બહુ મહાન ગુરુચાવી આપી હતી... સંયમજીવનના શરુઆતનાં વર્ષોમાં વડીલોની શારીરિક પ્રતિકૂળતાનાં કારણે અમુક વર્ષો અમારે પાલિતાણામાં સ્થિરતા કરવાની આવી. આ સમયે ભક્તિનો ઉલ્લાસ ઓછો ન થઇ જાય-એક જ સ્થાને રહેવાનો કંટાળો ન આવે એ માટે એક વાર એમણે સામેથી પત્રમાં લખ્યું કે ''ગ્લાનસેવા-વડીલસેવાનો લાભ એટલો મહાન છે કે એની સામે તમામ લાભ ગૌણ સમજવા. સ્વયં ભગવાન મહાવીર પ્રભુ સાથેનો પ્રશ્નોત્તર શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં આ છે કે 'वेयावच्चेण भंते! जीवे किं जणयइ?' 'वेयावच्चेण जीवे तित्थयरणामगुत्तं जणयइ'. આ જ પ્રભુ એમ પણ ફરમાવે છે કે 'जो गिलाणं पडिसेवइ सो मं पडिसेवइ.' જે વૈયાવચ્ચગુણનો મહિમા સ્વયં પ્રભુ આટલો અદ્‌ભુત દર્શાવે છે એ વૈયાવચ્ચગુણ માટે બીજા બધા યોગોને-સ્વાધ્યાયને પણ જરૂર પડ્યે ગૌણ કરવો. એટલું યાદ રાખજો કે શત્રુંજય મહાતીર્થની યાત્રાનાં ફળ કરતાં ગ્લાન વડીલોની સેવાનાં ફળ મહાન છે.'' પૂજ્યશ્રીનાં આવા અવસરોચિત માર્ગદર્શનથી સંયમજીવનના પ્રારંભનાં વર્ષોમાં લક્ષ્યોનો અગ્રતાક્રમ નક્કી કરવામાં અને એનો અખિન્નભાવે અમલ કરવામાં ઘણું બળ-સામર્થ્ય પ્રાપ્ત થયું...

વિ.સં. ૨૦૨૩. એ વર્ષે મારે સળંગ ૫૨૫ આયંબિલતપની પૂર્ણાહુતિ થતી હતી. ડભોઇ તીર્થે આ નિમિત્તે સાંસારિક પરિવાર દ્વારા મહોત્સવ યોજાયો હતો આ મોટી તપશ્ચર્યા હોવાથી મારી અને સાંસારિક સ્વજનોની ખાસ ભાવના હતી કે આ પ્રસંગ પૂજ્યશ્રીની નિશ્રામાં થાય. મારો પત્ર લઇને પરિવારજનો મુંબઇ વિનંતિ કરવા ગયા. પરંતુ પૂજ્યપાદ ગુરુદેવ આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.એ જણાવ્યું કે ''આ જ સમયમાં એક મોટો અંજનશલાકા-મહોત્સવ છે. એમાં સૂર્યોદયવિજયજીની મારે જરૂર પડે જ. માટે સૂર્યોદયવિજયજીને મોકલાય એમ નથી.'' પૂજ્યશ્રીએ ત્યારે જ મને વળતો પત્ર લખીને જણાવ્યું કે ''મારા માટે તમારા તપ પ્રસંગે આવવું એટલું જરૂરી નથી, જેટલું જરૂરી ગુરુભગવંતની પ્રસન્નતા સાચવવી એ છે. તમારે પણ એ જ પ્રસન્નતા રાખીને એ પ્રસંગ ઉજવવો. મારી દ્રવ્ય ઉપસ્થિતિ ભલે ન હોય, પરંતુ ભાવ ઉપસ્થિતિ છે જ એમ સમજજો. ગુરુભગવંતની ભાવના મારા માટે અહીંની છે. માટે મારી પોતાની પણ પ્રસન્નતા અહીં સ્થિરતાની જ છે...'' જોવાની ખૂબી એ છે કે એ પછીના ત્રણેક માસમાં જ ડભોઇની નિકટના કારવણ ગામે શિખરબદ્ધ જિનાલયનો પ્રતિષ્ઠામહોત્સવ નક્કી થતા પૂ. ગુરુદેવે એમને કારવણ મોકલ્યા. મારો તપપ્રસંગ થોડા મહિના માટે ચુકાયો અને ભરઉનાળે ઠેઠ ડભોઇ સુધીનો જવા-આવવાનો વિહાર થયો. તો પણ પૂજ્યશ્રી પ્રસન્ન જ હતા. આ ઘટનાથી મારા મનમાં એક અમીટ છાપ એ ઉપસી કે પૂજ્યશ્રી ગુરુસમર્પણની માત્ર વાતો જ નથી લખતા, બલ્કે પોતાનાં જીવનમાં એને સર્વાંશે અપનાવે પણ છે. એમણે આજીવન અપનાવેલ ગુરુસમર્પણનિષ્ઠા અને અગાઉ જણાવ્યા તે પ્રસંગો વગેરેમાં સમજાવેલ ગુરુસમર્પણના મહિમાએ મારાં જીવનમાં પણ યત્કિંચિત્ એ ભાવના વૃદ્ધિ પામી. અમારા બન્નેનાં સંયમજીવનના ઉત્તરકાળમાં આ ભાવનાએ પરિવારવૃદ્ધિરૂપે અણધારી સફળતા આપી. સામાન્યપણે એમનું અને મારું વલણ શિષ્યસંપદા માટે લગભગ નિરપેક્ષ હતું. સામાન્ય ઉપદેશ વચન-પ્રેરણા કહેવી, પણ વિશેષ કોઇ પ્રયાસો ન કરવા. છતાં અમારા બન્નેની શિષ્યસંપદાવૃદ્ધિ અમારા સમુદાયની અપેક્ષાએ ઘણી વિશાલ થઇ. આ પ્રભાવ માત્ર 'ગુરુસમર્પણ' નામે તત્ત્વનો હતો...

સંયમજીવનના ઉત્તરકાળમાં અમારાં ચાતુર્માસો લગભગ એક ક્ષેત્રમાં સાથે થયાં. એ દરમ્યાન મારા વિશાલ વર્ગનો પરિચય-ઘણાં મહાન કાર્યો થયાં. પરંતુ નોંધપાત્ર બાબત એ હતી કે ક્યાં ય કોઇ સંઘોમાં-પરિચિત ગૃહસ્થવર્ગમાં અમારા માટે ભાઇમહારાજ-બેનમહારાજ જેવા શબ્દપ્રયોગો પ્રચલિત ન થયા. આનું કારણ હતું ખુદ પૂજ્યશ્રીની સાવધાની. તેઓ જાહેરમાં કે વ્યક્તિગત વાર્તાલાપમાં મારા માટે ક્યારેય 'બેન મહારાજ' શબ્દો બોલ્યા નથી, માત્ર નામજોગ 'વસંતપ્રભાશ્રીજી' જેવું સંબોધન જ એમણે કર્યું છે. એમનાં અંતરમાં એ વાત રમતી હતી કે સંયમજીવનમાં સાંસારિક સંબંધવાચક શબ્દ પ્રયોગ ન કરવા. શ્રી દશવૈકાલિક આગમસૂત્રના સાતમા 'સુવાક્યશુદ્ધિ અધ્યયન'માં શ્રીમાન શય્યંભવસૂરીશ્વરજી મહારાજે આ સમગ્ર ચર્ચા કરીને 'नामधिज्जेण णं बूआ' (નામથી બોલાવવા)નું માર્ગદર્શન આપ્યું છે. તેઓશ્રી એને અનુસરતા હતા. મેં પણ એ જ રીતે ક્યાંય સાંસારિક સંબંધવાચક શબ્દપ્રયોગ નથી કર્યા. માત્ર આ લેખના શીર્ષકમાં પ્રથમવાર જ પૂર્વસંબંધવાચક શબ્દપ્રયોગ કર્યો છે. કારણ કે આ શ્રદ્ધાંજલિ આપવાનો એક વિશિષ્ટ અવસર છે. ક્યારેક વિશિષ્ટપ્રસંગે આવો ઉલ્લેખ પ્રતિબંધક નથી. મને સ્મરણ છે કે પૂજ્ય મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરે ગ્રન્થપ્રશસ્તિમાં 'राजश्रीतनयो' અને 'तेजपालात्मज:' શબ્દપ્રયોગ દ્વારા માતા-પિતાના સંબંધનો ઉલ્લેખ કર્યો છે. અહીં પણ એ સ્વરૂપનો ઉલ્લેખ છે. સારાંશ એ છે કે કોઇ અપવાદ જેવા કે વિશિષ્ટ પ્રસંગે તેવો ઉલ્લેખ અલગ બાબત છે. બાકી દૈનિક વ્યવહારોમાં આવા સંબોધનો-ઉલ્લેખો ન થાય એ આવકાર્ય છે.

સંયમજીવનના ઉત્તરકાળનાં ચાતુર્માસો દરમિયાન પૂજ્યશ્રીના પરિવારમાં અનેક મુમુક્ષુ ભાઇઓ અને અમારા પરિવારમાં અનેક મુમુક્ષુ બેનો સંયમની ભાવનાથી સામેલ થતા ગયા. ઉપધાન-અંજનશલાકાદિ પ્રસંગે પૂજ્યશ્રીના હસ્તે તેઓની દીક્ષાઓ થતી ગઇ. આ તમામ મુમુક્ષુઓ બાળ-યુવાવયના અને સંપન્ન પરિવારોમાંથી આવ્યા હતા. એ દરેકને પૂજ્યશ્રી અવસરે અવસરે દીક્ષાદિન જેવા પ્રસંગે તો ખાસ એવી હિતશિક્ષા આપતા કે ''जाए सद्धाए निक्खंतो परिआयट्ठाणमुत्तमं तमेव अणुपालेज्जा.'' તમે જે શ્રદ્ધાથી-ભાવનાથી સંપન્ન પરિવાર છોડીને - સુખસામગ્રી ત્યાગીને આ જીવનમાં આવ્યા છો એનું એ જ શ્રદ્ધાથી - ભાવનાથી યથાશક્ય ઉત્તમ પાલન કરજો. એના માટે સ્વાધ્યાય-સાધના (આરાધના)-સેવા-સહિષ્ણુતાના ચાર ગુણો આત્મસાત્ કરવા. આ શ્રમણજીવન એવું છે કે અહીં ચીવટ રાખીએ તો એકેક ક્ષણનો સદુપયોગ થાય અને બેદરકારી રાખીએ તો વર્ષો વેડફાઇ જાય.'' તેઓશ્રી માનતા હતા કે સંયમના મનોરથો પ્રગટાવવા હજુ આસાન છે, પરંતુ સંયમમાં રમણતા પ્રગટાવવી ખૂબ કઠિન છે. આથી તેઓશ્રી સંયમીઓના ઘડતર માટે ખાસ જાગૃતિ રાખતા હતા. આના પરિણામે સંયમીઓનો પરિવાર વૃદ્ધિ તો પામ્યો, ઉપરાંત એ આચારસંપન્ન પણ બન્યો...

વિ.સં. ૨૦૪૫માં મારાં જીવનની એક આઘાતજનક ઘટના બની. અમે બે ચાતુર્માસ મુંબઇમાં પૂજ્યશ્રીની નિશ્રામાં-સાથે કર્યા.' ૪૫ની સાલમાં અમારે અમદાવાદ તરફ પૂ. પરમોપકારી ગુરુણી પ્રવર્તિની સા. શ્રી કુસુમશ્રીજી મ.ની સેવામાં જવું હતું. કેમ કે છેલ્લા ચાતુર્માસમાં એમનું સ્વાસ્થ્ય થોડું થોડું નાદુરસ્ત થયું હતું. અમે અંધેરીથી વિહાર કરીને ગુજરાત તરફ જવા માટે બોરીવલી સુધી આવી પણ ગયા. પરંતુ ત્યાં એ વર્ષોમાં અમારી પાસે તાલીમ લઇ રહેલ મુમુક્ષુ કુ. ઇલાના સ્વજનોએ આવીને વિનંતિ કરી-આગ્રહ કર્યો કે ''અમારા પરિવારે આવતા વર્ષે મુમુક્ષુની દીક્ષાનો અને એ દીક્ષા મુંબઇમાં આપવાનો નિર્ણય ગઇ કાલે કર્યો છે. ચાતુર્માસ પછી તમારે ફરી મુંબઇ આવવું પડશે.

એના કરતાં એક ચાતુર્માસ કરી દીક્ષા આપીને જ ગુજરાત પધારો તો આવવા-જવાની તકલીફ ન રહે.'' મન દ્વિધાગ્રસ્ત બની ગયું. મેં ગુરુમહારાજને પુછાવ્યું તો ઉત્તર આવ્યોઃ ''તમે ચાતુર્માસ અને દીક્ષાનું કાર્ય સંપન્ન કરીને જ આવજો. અહીંની ચિંતા ન કરશો.'' આથી લાભનું કારણ જોઇ અમે મુંબઇની સ્થિરતા એક ચાતુર્માસ લંબાવી.

ચાતુર્માસ બાદ દીક્ષા તો થઇ, પરંતુ એ ચાતુર્માસમાં શ્રાવણમાસમાં મારા ગુરુણીજીનો અણધાર્યો કાલધર્મ થયો. મુંબઇમાં આ સમાચાર મળતાવેંત મને તીવ્ર આઘાત લાગ્યો. પાંત્રીશ વર્ષ ગુરુસેવા-ગુરુનિશ્રાનો લાભ લેવા છતાં અંત ઘડીએ જુદાઇ મળી એ સહન ન થઇ. મનમાં સતત એ વેદના થતી હતી કે 'આ ચાતુર્માસની સ્થિરતાનો નિર્ણય ખોટો લેવાઇ ગયો. મારે ગુરુજીની નિશ્રામાં જવું જ જોઇતું હતું. આટઆટલા વર્ષોપર્યંત સેવા કરી. પરંતુ છેલ્લે તો મેળાપ ન જ થઇ શક્યો ને?' ત્રણ-ચાર દિવસની આ મનઃસ્થિતિ પામી જઇને પૂજ્યશ્રીએ મને ખૂબ માર્મિક હિતશિક્ષા આપી કે ''આપણે સર્વજ્ઞ નથી કે ભાવિની ઘટનાઓનો સંપૂર્ણ ખ્યાલ મળી રહે. આપણે તો છદ્મસ્થ છીએ. માટે જે તે પરિસ્થિતિમાં ગુણ-દોષના આધારે લાભાલાભના આધારે નિર્ણય લઇએ છીએ. ક્યારેક એ નિર્ણય સફળ થાય અને ક્યારેક નિષ્ફળ પણ થાય. આપણે દરેક સ્થિતિને સ્વસ્થતાથી-સમતાથી સ્વીકારી લેવી જોઇએ. બીજી મહત્ત્વની વાત એ છે કે સાથે ન હોવામાત્રથી ગુરુનિશ્રા નંદવાઇ જતી નથી, તો સાથે હોવામાત્રથી ગુરુનિશ્રા સચવાઇ જતી નથી. જેમનાં અંતરમાં ગુરુસમર્પિતતા છલોછલ હોય એમને તો ગુરુદેવની ચિરવિદાય પછી પણ અખંડ ગુરુનિશ્રા પરોક્ષભાવે રહે. વળી તમે ગુરુની ઇચ્છા હોવાથી અહીં-મુંબઇમાં રહ્યા છો. એથી સંતાપગ્રસ્ત થવાની જરા ય જરૂર નથી.'' એમની આ હિતશિક્ષા એકદમ વાસ્તવિક કક્ષાની હતી...

આવી જ વાસ્તવિક હિતશિક્ષા તેઓશ્રીએ વિ.સં. ૨૦૬૮માં પણ આપી. એ વર્ષે ડભોઇતીર્થે પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી શાંતિનાથ જિનાલયનો જીર્ણોદ્ધારશિલાન્યાસ-મુમુક્ષુદીક્ષા વગેરે પ્રસંગો યોજાયા હતા. એક સવારે શ્રાવક ઉપાશ્રયના નીચેના હોલમાં મને બોલાવીને પૂ.આ.શ્રી રાજરત્નસૂરિજી મહારાજે કહ્યુંઃ ''પૂ.ગુરુદેવની ભાવના છે કે આ મહોત્સવમાં તમને પ્રવર્તિનીપદે આરૂઢ કરવા. તમે શ્રમણી સમુદાયના વરિષ્ઠ છો-દીર્ઘ દીક્ષાપર્યાયી છો અને જન્મભૂમિનું આ તીર્થ છે. એથી ગુરુદેવ આમ વિચારે છે.'' પ્રથમ તબક્કે મેં ઇન્કાર કર્યો કે ''મારી આરાધના સરસ ચાલે જ છે. મારે પદની કાંઇ જરૂર નથી.'' પૂ. રાજરત્નસૂરિજી મહારાજે પૂજ્યશ્રીને ઉપરના હોલથી નીચે બોલાવ્યા. પૂજ્યશ્રીએ ત્યારે સમજાવ્યું કે ''આપણે પદની ઇચ્છા-લાલસા રાખીએ તો તે ખામી છે. પરંતુ સમુદાયની જવાબદારી-યોગ્યતાક્રમ વગેરે અપેક્ષાએ વડીલો તરફથી પદપ્રદાનનો નિર્ણય થાય ત્યારે એ વધાવી લેવો એ કર્તવ્ય છે. કર્તવ્ય વહન કરવામાં પાછી પાની ન કરવી.'' અંતે પૂજ્યશ્રીની ભાવના અને પૂ. ગચ્છાધિપતિશ્રીનાં પત્રને લક્ષ્યમાં રાખી મારી સંમતિ થઇ...

આવા આવા અનેક પ્રસંગો જીવનમાં બન્યા છે જેમાં પૂજ્યશ્રીએ ખૂબ સ્વસ્થ-સમતોલ માર્ગદર્શન આપ્યું છે. એમનાં ગાંભીર્ય-નિઃસ્પૃહતા-સરલતા-સાદગી-વિશાલતા-સંઘવાત્સલ્ય-ગુરુસમર્પણ-સ્વાધ્યાયરુચિ-વગેરે ગુણોનો અનુભવ ડગલે ને પગલે થયો છે. એમની સાથેનાં અંતિમ વર્ષો-અંતિમ શાસનપ્રભાવનાઓ-અંતિમ માંદગી-અંતિમ યાત્રા-અંતિમ સંસ્કાર વગેરે દરેક પ્રસંગોમાં હાજર રહેવાનો લાભ મને મળ્યો એ મારું સદ્ભાગ્ય છે. અંતિમ વર્ષોમાં અનેક લોકો મને કહેતા કે ''સાહેબજી જાણે સાક્ષાત્ ધર્મસૂરીશ્વરજી મહારાજ જ છે.'' એમની અંતિમ યાત્રા-અંતિમ સંસ્કાર-ગુણાનુવાદ સભાઓ-ગુરુભક્તિ મહોત્સવો અને ગુરુમંદિરો જે રીતે કલ્પના બહાર થયા એણે લોકોના એ શબ્દો સવાયા સાચા પૂરવાર કર્યા. આવા પુણ્યપ્રભાવવંતા મહાન શાસનપ્રભાવક અનેક ગુણગણનિધાન મહાપુરુષ ભાઇમહારાજરૂપે સાંપડ્યા એ મારું સર્વોચ્ચ સૌભાગ્ય છે. તેમનો પવિત્ર આત્મા જ્યાં પધાર્યો હોય ત્યાં પરમાત્મા જિનેશ્વરદેવનાં શાસનની ઉત્તમ આરાધના-પ્રભાવના કરી શીઘ્ર સિદ્ધિપદ પામે એ જ અભિલાષા છે.

(સંપાદકીય નોંધઃ આ પ્રવર્તિની સાધ્વીવર્યા ૧૧ ।। માસ પૂર્વે નેવું વર્ષની વયે સમાધિમય કાલધર્મ પામ્યા છે.) ✦✦✦

## ૪૯ હસ્તાક્ષર દર્શનનો અનેરો આનંદ

- પૂ.સા. શ્રી ચન્દ્રપ્રભાશ્રીજી મ.

મુંબઇ અને મુંબઇની બહાર, વાલકેશ્વરથી લઇને વસઇ સુધી સાહેબનો ઉપકાર સતત અનવરત વરસ્યો છે. શાસન પ્રભાવના દ્વારા શાસનની શાન વધારનારા, પ્રભુ મહાવીરના માર્ગે ચાલનારા અનેક નગરોમાં અનેક આત્માઓને અનેક અનુષ્ઠાનો દ્વારા સંયમદાન દ્વારા તારનારા, ડગલે ને પગલે સંઘમાં હર્ષોલ્લાસ વર્તાવનારા પ્રભુભક્તિમાં લયલીન બનનારા, યુગદિવાકર સમુદાયનું ગૌરવ વધારનારા પૂ. સાહેબજીની નિશ્રામાં શાસનકાર્યો નિરંતર જારી જ હોય. છતાં ય અમારા જેવા શ્રમણી ભગવંતોને સાહેબ કદી ભૂલે નહિ. તેઓશ્રી ગમે તેટલા શાસનકાર્યોમાં વ્યસ્ત હોય, છતાં ય અમારા પ્રત્યેક પત્રનો લાગણીભર્યો પ્રત્યુત્તર સમયસર અવશ્ય મળી જ જાય. ક્યારેક તેઓ વિહારયાત્રાના અવનવા અનુભવો જણાવે તો ક્યારેક અમને અમૂલ્ય માર્ગદર્શન પણ આપે. સાહેબના હસ્તાક્ષર નિહાળવાનો આનંદ અમને સૌને અનેરો જ થાય. એથીય અધિક આનંદ શાસનકાર્યોની અત્યંત વ્યસ્તતા વચ્ચે સાહેબજી અમારા જેવા શ્રમણીને યાદ રાખે છે તે જાણીને થાય.

વિ.સં. ૨૦૧૨-૧૩માં તેઓશ્રીએ જ અમને કલકત્તા યુનિવર્સિટીની પરીક્ષા આપવા માટે સહાય કરેલ. તેઓશ્રીના કાળધર્મના પૂર્વ દિવસોમાં પણ અમને તેઓશ્રીનો આનંદદાયી પત્ર મળેલ. વિ.સં. ૨૦૬૮માં તેઓશ્રી પાલિતાણા પધાર્યા ત્યારે પોતાની બુઝુર્ગવય છતાં અમારી વૃદ્ધવયનો વિચાર કરી ખાસ અમને દર્શન આપવા મોતીસુખીયા ધર્મશાળામાં પધાર્યા હતા. આવા લાગણીશીલ અને સૌની કાળજી લેનારા ગુરુદેવ માટે એમ જ કહેવાનું મન થાય છે કે :

છોડી ગયા જીવન છતાં, જીવન સમો તમ ભાસ છે;
દર્શન નથી તમ દેહના, પણ હૈયે સદા ય નિવાસ છે...

તેઓશ્રીના પટ્ટધર પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. તથા સમસ્ત સૂર્ય પરિવાર શાસન અને સમુદાયની શોભામાં સતત અભિવૃદ્ધિ કરે એ જ અભ્યર્થના સાથે ગુરુદેવને ભાવભીની અંજલિ...

✦✦✦

## ૫૦ યથા નામ તથા ગુણા:

- પૂ. સા.શ્રી રશ્મિલતાશ્રીજી મ.

જૈન શાસનને પામી તેના પરમાર્થને જાણનાર, અનેક તેજસ્વી, શૌર્યવંતા, પ્રભાવશાળી, આરાધક આત્માઓ શાસનમાં થઇ ગયા છે. તેમાંના એક મહાપુરુષ એટલે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીનો જન્મ વડોદરા જિલ્લાના ૨૩મા તીર્થપતિ શ્રી લોઢણ-પાર્શ્વનાથ પ્રભુનાં પ્રસિદ્ધ તીર્થની પવિત્ર પાવન ધન્ય ધરા દર્ભાવતી નગરીમાં થયો હતો. પૂજ્યશ્રી દર્ભાવતીનું ઝળહળતું રત્ન અને જૈન શાસનનું પાણીદાર મોતી હતા. પિતાશ્રી ચીમનભાઇના કુલદીપક તથા માતા મણિબેનના લાડીલા કુંવર સેવંતીકુમાર નામે હતા.

વિ.સં. ૨૦૦૦માં પૂ. આ.ભ. મોહનસૂરીશ્વરજી મ.સા. શિષ્યો-પ્રશિષ્યો સાથે ડભોઇમાં ચાતુર્માસ પધાર્યા. પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.નો પરિચય ગાઢ બન્યો... ચાતુર્માસમાં સંયમની તાલીમ મેળવી. મોહાધીન સંસારી પરિવારજનોની જેલમાંથી છૂટવા સત્તર વાર ભાગી છૂટ્યા. છેવટે વિ.સં. ૨૦૦૪, ફાગણ શુદિ બીજ, કાઠિયાવાડમાં રાજકોટ પાસે ત્રંબાગામની બહાર નદીના રેતાળ પટમાં ખાનગી દીક્ષા થઇ.

ધરતી જો ફળદ્રૂપ હોય તો નાનકડું બીજ પણ ખૂબ આસાનીથી વિકસ્વર બની શકે છે. આરસ ભલે ખાણમાં હોય પણ એ શિલ્પીના હાથમાં આવી જાય તો નજાકતભર્યું શિલ્પ સાવ આસાનીથી તૈયાર થઇ શકે છે. હીરો ભલે કાચો હોય, કિન્તુ એ જો નિષ્ણાત હીરાપારખુ ઝવેરીની નજરમાં વસી જાય તો એ ક્રોડોનું મૂલ્ય બહુ જલ્દી પામે છે. બરાબર એવી જ રીતે પૂજ્યપાદ ગુરુદેવોનાં સાંનિધ્યમાં તેમજ સદ્‌ગુરુદેવોની નજરમાં પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. વસી ગયા. જીવન વન મટી ઉપવન બની ગયું...અરે! અનેક પ્રકારના મનને આહ્‌લાદક ગુણરૂપી પુષ્પો સંયમ બગીચામાં ખીલી ઊઠ્યા. યથા નામ તથા ગુણાઃ નામ પ્રમાણે શાસન ગગનાંગણે સૂરજ થઇ ચમક્યા. પૂજ્યપાદ યુગદિવાકર ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે કુશલ શિલ્પી જેવી ઘડતર કુનેહ હતી. તો પૂ. સૂર્યોદયસૂરિજી મ. સાહેબમાં આજ્ઞાંકિતતાની અવર્ણનીય પાત્રતા હતી.

પૂજ્ય આ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની પ્રજ્ઞા પૂર્વજન્મની કોઇ વિશિષ્ટ સાધનાના પ્રભાવે જબરજસ્ત હતી. એટલે જ માત્ર બે દિવસમાં પક્ખીસૂત્ર-દોઢ દિવસમાં ગુણસ્થાન-ક્રમારોહસૂત્ર તેઓ કંઠસ્થ કરી શક્યા, તો પૂ. યુગદિવાકરશ્રી પાસે સટીક કર્મગ્રંથો-કર્મ પ્રકૃતિ-તત્ત્વાર્થ-સિદ્ધસેનીય ટીકા-સટીક આગમગ્રંથો આદિ અનેક ગ્રંથોનું વિશદ અધ્યયન કર્યું.

પ્રારંભિક દશ વર્ષ અત્યંત તીવ્ર રુચિથી અભ્યાસ કરી વ્યાકરણ-સાહિત્ય-ન્યાયના વિષયોમાં પ્રચંડ વિદ્વત્તા મેળવી અને આ ત્રણેય વિષયોની કલકત્તા યુનિવર્સિટીની નવે નવ પરીક્ષામાં 'ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ' ક્રમાંક પ્રાપ્ત કર્યો. ગોચરી જવાના બે કલાકમાં સંપૂર્ણ મૌનથી સિદ્ધહેમ વ્યાકરણના તમામ ૩૬૦૦ સૂત્રોનો નવકારની જેમ સડસડાટ સ્વાધ્યાય કરી જતા તેમજ ચોમાસામાં ૫-૫ પાઠોનો અભ્યાસ ચાલતો. પૂ. યુગદિવાકરસૂરિજી કૃત સંસ્કૃતનવતત્ત્વ-સુમંગલાટીકાનો દશ હજાર શ્લોક પ્રમાણ ગુર્જરભાવાનુવાદ તેમજ પૂ. યુગદિવાકરશ્રીકૃત તમામ સાહિત્યનું પુનઃ સંપાદન-પ્રકાશન કર્યું.

પૂ. ગુરુદેવની વીરતા અને ધીરતા પણ ગજબની હતી. જેથી જગડૂશાનગરમાં જિનાલયરક્ષાનો પ્રશ્ન ઉપસ્થિત થયો, ત્યારે ભાયંદરના ચાલુ ચોમાસામાં વિહાર કરી પૂજ્યશ્રી મક્કમ થઇ ઘાટકોપર પહોંચ્યા. તાત્કાલિક નેતૃત્વ હાથમાં લઇ ૬૦ હજાર જૈનોની મહાસભા યોજી. વિરાટ આંદોલન જગાવી તીર્થસ્વરૂપ જગડૂશા જિનાલયની સુરક્ષા કરી.

આ ઉપરાંત વિરાટ ધર્મધામ નાગેશ્વરપાર્શ્વતીર્થ નિર્માણ-જન્મભૂમિ દર્ભાવતીતીર્થનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર-અનેકાનેક જિનાલયોનાં નિર્માણ/ઉપાશ્રયોનાં નિર્માણ/પાઠશાળા-આયંબિલશાળા-પાંજરાપોળ આદિનાં નિર્માણ તેમજ અનેક અનેક ઉપધાનતપ આરાધનાઓ-છ'રી'પાલક સંઘો-અંજનશલાકા/પ્રતિષ્ઠાઓ વગેરે તેઓના શાસન પ્રભાવક જીવનની સાખ પૂરે છે. આ મહાન ગુરુદેવના કાળધર્મ પછીની વિશ્વવિક્રમી ૨૯ કિ.મી. દીર્ઘ અને સવાલાખની મેદનીથી ઊભરાતી અંતિમયાત્રા પણ પ્રભાવક રહી.

આવા યુગદિવાકર સમુદાયના ગૌરવ સમા પૂજ્યશ્રીનાં ચરણકમલમાં હાર્દિક-ભાવભરી વંદનાંજલિ...

✦✦✦